# પણદા પાસે કારચાલકે ગણપતિ જોવા નીકળેલા બાઈકસવાર પરિવારને ઉડાવ્યો

**કારચાલક** ફરાર, ચારેયને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

બારડોલી: બારડોલીના પણદા ગામે પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે કારચાલકે મોટરસાઈકલ સવાર એક બાળકી સહિતના પરિવારના ચાર સભ્યોને ટક્કર મારતાં ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે બારડોલી ગ્રામ્ય પોલીસમથકમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના રૂવા ગામે રહેતા કેરૂલભાઈ કનૈયાલાલ હળપતિ (ઉં.વ.28) મજૂરી કામ કરે છે. મંગળવારે રાત્રિના નવેક વાગ્યે તે તેની પત્ની ધરતીબેન, ત્રણ વર્ષની દીકરી હર્ષિતા અને ભાણી ભૂમિકાબેન રાજુભાઈ રાઠોડ (ઉં.વ.19) સાથે મોટરસાઈકલ (નં. જીજે 19 બીડી 5993) લઈને બારડોલી ખાતે ગણપતિ જોવા આવી રહ્યા હતા. તે સમયે પણદા ગામે મોટરસાઈકલને પાછળથી પૂરઝડપે આવેલા એક કારચાલકે ટક્કર મારી દીધી હતી. આથી મોટરસાઈકલ સવાર તમામ નીચે પટકાયા હતા.

આ અકસ્માતમાં ચારેયને ઈજા પહોંચી હતી. કેરૂલ, હર્ષિતા અને ભૂમિકાની બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

જ્યારે ધરતીને વધુ ઈજા થતાં સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. અકસ્માત બાદ કારચાલક ભાગી છૂટ્યો હતો. પોલીસે કેરૂલની ફરિયાદના આધારે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાર ભાડે લઈ ભાડું અને કાર પરત ન કરનાર ઠગ ટોળકી સામે બારડોલીમાં વધુ એક ફરિયાદ

**રૂ.32** લાખની ત્રણ ગાડી અને ભાડાના રૂ.14.20 લાખ મળી કુલ રૂ.46.20 લાખની છેતરપિંડી આચરી

બારડોલી: ભાડા પર કાર લીધા બાદ ભાડું અને કાર પરત ન કરી સુરત શહેર અને જિલ્લામાં મોટાપાયે છેતરપિંડી આચરનાર અંકિત શાહ અને વૈભવ દેસાઈની ટોળકીએ બારડોલીના મોતા તેમજ બાબેન ગામના ત્રણ કાર માલિકને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. 32 લાખની ત્રણ ગાડીઓ અને ભાડાના 14.20 લાખ મળી કુલ 46.20 લાખની છેતરપિંડી આચરી હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર મોતા ગામના અતીતભાઈ જગદીશભાઈ પટેલ (ઉં.વ.28)એ આપેલી ફરિયાદ મુજબ તેઓ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તા.21-1-2025ના રોજ બારડોલીના આકૃતિ વિલા મકાન નં. 402, સ્વામી બાગમાં રહેતા અંકિત પરેશકુમાર શાહ સાથે ઓળખાણ થઈ હતી. તેણે લગ્ન પ્રસંગ માટે ઈનોવા કાર ભાડેથી માગી હતી અને 3500 રૂપિયા દિવસનું ભાડું નક્કી કર્યું હતું. આ કાર સુરતના પાલ વિસ્તારમાં આવેલા શિવદિગજા સોસાયટીમાં રહેતા વૈભવ અજિતભાઈ દેસાઈને ત્યાં મૂકવાનું જણાવ્યું હતું. બે મહિના બાદ ભાડાની માંગ કરતાં તેમણે આનાકાની શરૂ કરી હતી. ભાડાની રકમ રૂ.7.35 લાખ તો ઠીક તેમની કાર પણ પરત કરી ન હતી. એ જ રીતે મોતાના જ દિપકભાઈ વનમાળીભાઈ પટેલે પણ અંકિત અને વૈભવને રૂ.3500ના ભાડા પેટે કાર આપી હતી. જેના આજ દિન સુધીના ભાડાની રકમ 3.60 લાખ અને કાર આપી ન હતી. આ ઉપરાંત બાબેનના સંજયરામ નિરંજન મૌર્ય (રહે., ગોકુલમ સોસાયટી, બારડોલી)ની સાથે પણ આજ રીતે છેતરપિંડી કરી હતી. તેમને 6 માસના ભાડા પેટે રૂ.5.25 લાખમાંથી 2 લાખ રૂપિયા આપ્યા હતા જ્યારે 3.25 લાખ રૂપિયા હજી પણ ચૂકવ્યા નથી. આમ, અંકિત અને વૈભવ દ્વારા સમગ્ર સુરત શહેર અને જિલ્લામાં અલગ અલગ લોકોને નિશાન બનાવી કાર ભાડે લઈ તેનું ભાડું ચૂકવતા ન હતા અને કાર પણ પરત કરતા ન હતા. જિલ્લામાં તેમની સામે 5 ગુના નોંધાય ચૂક્યા છે. હાલમાં બારડોલી ગ્રામ્ય પોલીસે અતીતભાઈની ફરિયાદના આધારે વધુ એક ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બારડોલીની કાર અમરોલીથી કબજે લેવાઈ

બારડોલી: કાર ભાડે લઈ ભાડું નહીં ચૂકવી અને કાર પણ પરત નહીં કરતાં બારડોલીના અંકિત શાહ અને સુરતના વૈભવ દેસાઈની સુરતની અમરોલી પોલીસે અટકાયત કરી છે. તેની પાસેથી બારડોલીની આ ત્રણ કાર કબજે લેવાઈ હતી. જેના આધારે બારડોલી ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ઉપરાંત કોસંબા પણ આ બંને વિરુદ્ધ આવા જ ગુના નોંધાયા છે. આથી બંને આરોપી હાલ કોસંબા પોલીસના કબજામાં હોવાનું જાણવા મળ્યું છે.

### ઉમરપાડામાં ચપ્પલની દુકાનમાં આગ લાગી



વાંકલ: ઉમરપાડા ખાતે પ્રવીણભાઈ ભાઈ આહીર ચપ્પલ વેચવાનો વેપાર ધંધો કરે છે. તેમની દુકાનમાં રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આ ઘટનાની જાણ થતાં આજુબાજુના લોકોને થતાં મદદ માટે દોડી આવ્યા હતા. પરંતુ આખી દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. તેમને ખૂબ મોટું નુકસાન થયાનું જાણવા મળી રહ્યું છે. (તસવીર : વિનોદ મૈસુરીયા)

# ઓંડચ અને કોદાદાના તલાટીઓની અવારનવાર બદલીથી લોકોમાં આક્રોશ

**મહુવા** તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત

અનાવલ: છેલ્લા એક વર્ષમાં મહુવાના ઓંડચ અને કોદાદામાં 3 વાર તલાટી કમ મંત્રીની બદલી કરવામાં આવતાં ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. રોષે ભરાયેલા ગ્રામજનો દ્વારા મહુવા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી આ રાજકીય ઈશારે થયેલી બદલી રદ કરી આ બદલી પહેલા અગાઉ જે જૂના તલાટી ફરજ પર હતા તેમને જ ફરી મૂકવા માંગ કરી હતી.

સુરત જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સુરત જિલ્લામાં ફરજ બજાવતા 92 તલાટીની તાલુકામાં તેમજ તાલુકા બહાર આંતરિક બદલીનો હુકમ કરાતાં જ કહીં ખુશી તો કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો. આ તલાટીની બદલીનો હુકમ થતાં જ ઓંડચ કોદાદા ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. ઓંડચ અને કોદાદા ગામમાં છેલ્લા એક વર્ષમાં ત્રણ જેટલા તલાટીઓની બદલી થઈ ગઈ છે. પ્રથમ ઓંડચ કોદાદા ગામના સેજામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા તલાટીને બદલી તેમના સ્થાને વિમલભાઈ પટેલને મૂકવામાં આવ્યા હતા. બાદ તેમને બદલી થોડા સમયમાં જ અંકિતભાઈ પટેલને આ બંને ગામના સેજામાં મૂક્યા હતા. માંડ માંડ ગ્રામજનો સાથે તેમનો તાલમેલ બેઠો ને ત્યાં જ તો ફરી તેમને બદલી પલસાણાના કરણ-સાંકી ગામે તેમની બદલી કરી દેવામાં આવી અને તેમના સ્થાને કામરેજ લિવ રિઝર્વમાં મૂકેલાં શશીકલાબેન ચૌધરીને મૂકવામાં આવ્યાં હતાં. એક જ વર્ષની અંદર ત્રણ તલાટી કમ મંત્રીની બદલી જોઈ ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. બંને ગામના સરપંચે મહુવા ટીડીઓને લેખિત રજૂઆત કરી આ બદલીઓ રદ કરી તલાટી અંકિતભાઈને ફરી ઓંડચ કોદાદા ગામમાં મૂકવામાં આવે એવી માંગ કરી હતી. જૂના તલાટીનો ઓર્ડર કરવામાં ન આવે તો નવા તલાટીનો બંને ગ્રામજનો અસ્વીકાર કરનાર હોવાની રજૂઆત કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# હથોડા માર્ગ પર પડેલા વિકાસશીલ ખાડામાં વાલિયાનો યુવાન મોપેડ સાથે પટકાયો

**ખાડામાં** પટકાયા બાદ હેલ્મેટ ગટરમાં પડ્યું, સદનસીબે ચાલકનો બચાવ થયો



ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા-મોટી નરોલી વચ્ચે માર્ગ પર મસમોટા પડેલા ખાડામાં બુધવારે પસાર થતો વાલિયાનો બાવીસ વર્ષનો કૈલાસ ચૌધરી મોપેડ સાથે પડતાં ડાબા પગે ફ્રેક્ચર થયું હતું. જ્યારે બાઈક ચાલકે પહેરેલું હેલ્મેટ સાઈડમાં આવેલી ગટરમાં પડ્યું હતું.

મૂળ વાલિયા ગામે રહેતો અને સુરતના વરાછા ખાતે હીરા ઘસીને મજૂરીકામ કરતો 30 વર્ષનો કૈલાસ ચૌધરી સુરતથી પાંચ મહિના બાદ પોતાના ગામ વાલિયા ખાતે ગયો હતો અને બુધવારે સવારે 9 વાગે વાલિયાથી સુરત જવા નીકળ્યો હતો. ત્યારે હથોડા-મોટી નરોલી ગામ વચ્ચે માર્ગ પર પડેલા મસમોટા ખાડામાં મોપેડ સાથે પડતાં ડાબા પગે ઇજા સાથે સામાન્ય ફ્રેક્ચર થયું હતું. હથોડા-મોટી નરોલી માર્ગ પર મોટા ખાડા પડ્યા છે. આ માર્ગનું નવીનીકરણ કરવા માટે રૂ.8.30 કરોડ મંજૂર પણ થયા છે. માર્ગ બનાવવા માટે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાએ ચોમાસાના એક મહિના પહેલાં મોટી નરોલી ખાતે તેમજ નજીકથી પસાર થતી કીમ નદીમાં પૂરના પાણીથી બચવા માટે મોટી નરોલી ગામે સંરક્ષણ દીવાલ બનાવવાનું ખાતમુહૂર્ત કર્યું હતું અને નદી કાંઠે સંરક્ષણ દીવાલ બનાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી અને જે કામ હજી પણ ચાલુ છે. પરંતુ કોઈક કારણસર મોટી નરોલી-હથોડા-વેલાછા માર્ગનું કામ શરૂ થઈ શક્યો ન હતો. હાલ માર્ગ પર પડેલા ખાડાની યોગ્ય મરામત થાય તો હથોડા, મોટી નરોલી, વેલાછા, લિંબાડા, મોટા બોરસરા વિસ્તારના લોકોને રાહત થઈ શકે.

# ભીમપોરમાં આદિવાસીઓના બેંક ખાતામાં કરોડોના બેનામી વ્યવહાર મુદ્દે ત્રણની ધરપકડ

**દાનમાં** રૂપિયા આવશે કહી ગુમરાહ કરી ખેલ કર્યો હતો



વ્યારા: વાલોડના ભીમપોરમાં ગામ જ રહેતા દંપતી નરેશ ભીમજી ચૌહાણ અને અમિતા ભીમજી ચૌહાણે ગામની ગરીબ મહિલાઓને દાનમાં રૂપિયા આવશે તેમ કહી ગુમરાહ કરી આધાર - પાન કાર્ડ સહિત પાસપોર્ટના ફોટા મેળવી બેંક ખાતાં ખોલાવી કોઈ ત્રાહિત વ્યક્તિ દ્વારા કરોડોના વ્યવહારો થયા હતા. આ બનાવમાં ત્રણ આરોપીને પોલીસે સુરતથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગામમાં જ રહેતા એક દંપતીએ ગરીબોને વાર્ષિક ૨૫૦૦ રૂપિયાની સહાય આપવાની લાલચ આપી 84 જેટલા લોકોનાં બેંક ખાતાં ખોલાવી કરોડો રૂપિયાનો બેનામી આર્થિક વ્યવહાર કરાયો હોવાનું પ્રાથમિક ધોરણે જાણવા મળતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો હતો. નરેશ ભીમજી ચૌહાણે પોતાની પત્ની અમિતા ચૌહાણ સાથે મળી ગામની ખાસ કરીને વિધવા બહેનોને વિશ્વાસમાં લઈ દાન આપવામાં આવશે તેવી આશા જગાવી બેંક ખાતું ખોલાવી દર વર્ષે 2500 રૂપિયા આપી ગરીબ પરિવારોના બેંક ખાતામા જાણ બહાર બેનામી રીતે કરોડો રૂપિયાના વ્યવહાર કરાવી છેતરપિંડી આચરી ગુનો કર્યો હતો. પોલીસે ભીમપોર ગામના નરેશ ચૌહાણ અને અમિતા ચૌહાણ તેમજ સુરતના ઘોડદોડ વિસ્તારમાં રહેતા એજન્ટ રુજલ અનિલકુમાર શાહને ઝડપી પૂછપરછ કરતા તેમના દ્વારા શેર બજારમાં ટ્રેડિંગ કરવા 54 વ્યક્તિનાં ખાતાં સુરતની અલગ અલગ દસ બેન્કમાં ખોલાવી 3,71,68,564 રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન કર્યા હોવાનું બહાર આવ્યું છે. હાલ પોલીસે પકડાયેલા ત્રણેય ઈસમનાં ઘર અને ઓફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

SELFIE WITH GANESHA

ગુજરાતમિત્ર



તમે અમને સેલ્ફી મોકલી શકો છો

8153999903



**કૌશિક સુરતી,** વેલુક, ઓલપાડ, સુરત.



**અલ્પેશ ચૌધરી,** ગાર્ડન સિલ્ક મિલ, વરેલી, કડોદરા.



**ચેતનભાઈ પટેલ,** શિવશક્તિ યુવકમંડળ, મલગામા.



**હાર્દિક પટેલ,** ઉન યુવકમંડળ, ઉન, માંડવી, સુરત.



**કેતન, ચિરાગ, નિકુ, ઉજ્વલ, રાહુલ,** સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, ઓલપાડ.



**રાજેન્દ્ર,** શ્રીજી યુવકમંડળ, સોની ફળિયું, મુ.પો.સરભોણ, બારડોલી.



**દિવ્યા પટેલ,** અમી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, જીઆઈડીસી, અંકલેશ્વર.



**રિતેશ ચૌધરી ,મેહુલ ચૌધરી,** નિશાળ ફળિયા, મુડત, મહુવા.



**અક્ષય જૈન ,જયપાલસિંહ પરમાર ,ઋત્વિક વસાવા,** મારુતિ ગ્રુપ, ડેડિયાપાડા.



**કિશન, જયેશભાઈ,** આર.એમ. ગ્રુપ, રામજી મંદિર, કઠોર.



**નરેશ પટેલ,** હાથીસા ગામ, ઓલપાડ.



**જીત આહીર,** ઉંભેળ ગામ, કામરેજ, સુરત.



**ભાવેશકુમાર પ્રવિણસિંહ મોરી,** પટેલ ફળિયું, જોખા ગામ, કામરેજ.



**દિવીત, દૈવિક ટોડિયા,** કીમ પોસ્ટ ઓફિસ રોડ, કીમ.



**વિજયકુમાર પટેલ,** લીમડા ચોકના શિવશક્તિ ગ્રુપના ગણપતિદાદા, મલગામા.



**ડો.મહેશ અને બચ્ચા પાર્ટી,** નારાયણ લક્ષ્મી સોસાયટી, ભરૂચ.